**ક્રિ.કેસ નં.૧૨૬૨૪૩/૨૦૨૧.**

**(૧).** આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમ–૨૮૯ તથા ધી ગુજરાત પોલીસ એકટની કલમ ૯૦(એ) તથા ધી પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી એકટ કલમ ૧૧(૧)(એચ)(આઈ) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો. કોડ કલમ ૨૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ ત્યારબાદ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે. અને ત્યારબાદ આરોપીની ધી ગુજરાત પોલીસ એકટની કલમ ૯૦(એ) તથા ધી પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી એકટ કલમ ૧૧(૧)(એચ)(આઈ) ના ગુના માટે પ્લી/નિવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

**(૨).** સજા બાબતે આરોપીને સંભળાવતા આરોપીએ મજુરી કામ કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને તેઓનો આ પ્રથમવારનો ગુનો છે અને હવે પછી આવો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે. એ.પી.પી.એ. આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

**(૩).** આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

**::: હુ ક મ :::**

આરોપીને ઈ.પી.કો.કલમ–૨૮૯ તથા ધી ગુજરાત પોલીસ એકટની કલમ –૯૦(એ) તથા ધી પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી એકટ કલમ ૧૧(૧)(એચ)(આઈ) મુજબના ગુના માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી કોર્ટ ના ઉઠતા સુધીની સજા અને રૂા.૭૦૦/– ( અંકે રુપીયા સાતસો પુરા) દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને (૧૫) દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી,સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.<br>
તા.૧૧/૧૨/૨૦૨૧

(સી.જે.પટેલ)<br>
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,<br>
કોર્ટ નં.૧૨, અમદાવાદ.<br>
કોડ નં.જીજે૦૧૦૫૬.